BUSINESS મિત્ર

ભૂરાજકીય તણાવની અસર: આઇટી શેરોમાં નરમાઇ: રોકાણકારોને રૂ. 48 હજાર કરોડનું નુકશાન

શેરબજારમાં ઓલટાઇમ હાઇ બાદ ગાબડું

સેન્સેક્સ 322 પોઇન્ટ ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: અમેરિકાનો વેનેઝુએલા પર હુમલો કર્યાના અહેવાલ બાદ ફરી એકવાર ભૂરાજકીય અસ્થિરતા જોવા મળી હતી, જેના લીધે આજે ભારતીય શેરબજાર પણ અસ્થિર જોવા મળ્યું હતું. આજે ટ્રેડિંગ દરમ્યાન નવી ઓલટાઇમ હાઇને સ્પર્શી ગયો હતો, પરંતુ તે પછી વેચવાલી થઇ હતી. આમ છતાં નિફ્ટી 26250 પોઇન્ટના સ્તરે સ્પર્શી ગયો હતો.

જોકે, બ્રોડર માર્કેટમાં લગભગ સપાટ હતું. બીએસઇ મિડકેપ ઇન્ડકેસ અને સ્મોલકેપ ઇન્ડેક્સ નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. સેકટર ઇન્ડકેસમાં આઇટી, ઓઇલ એન્ડ ગેસ અને ટેલિકોમ ઇન્ડેક્સ અડધાથી એક ટકાનો ઘટાડો જોવાયો હતો. બીજી તરફ, કન્ઝયુમર ડયુરેબલ્સ અને ડિફેન્સ ઇન્ડેકસમાં એક ટકાથી વધુ સુધારો જોવાયો હતો. એફએમસીજી ઇન્ડેકસમાં પણ અડધા ટકાથી વધુ સુધારો જોવાયો હતો.

વેનેઝુએલા પર અમેરિકાના હુમલા બાદ આજે શેરબજારમાં રોકાણકારો સાવચેત જોવા મળ્યા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર નવા ટેરિફ લાદવાની ધમકીથી રોકાણકારોનો મુડ બગડ્યો હતો. ખાસ કરીને આઇટી શેરોમાં આ કારણે પ્રોફિટ બુકીંગ જોવા મળ્યું હતું. આ દરમ્યાન ભારતીય રૂપિયામાં પણ નબળાઇ જોવા મળી હતી.

બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને રૂ. 480.76 લાખ કરોડ થઇ ગયું છે, જે અગાઉના કારોબારી દિવસે રૂ. 481.24 લાખ કરોડ હતું. આમ, બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 48000 કરોડ ઘટી હતી.

બીએસઇ સેન્સેક્સ 322.39 પોઇન્ટ એટલે કે 0.38 ટકા ઘટીને 85439.62 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 85883 પોઇન્ટ સુધઈ ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 85315 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 78.25 પોઇન્ટ એટલે કે 0.30 ટકા ઘટીને 26250.30 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 26373 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26210 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 106.75 પોઇન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 60044.20 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટીમકેન ઇન્ડિયા 16.76 ગણા, સ્કેફલર ઇન્ડિયા 13.83 ગણા, એસ્ટ્રાઝેનેકા ફાર્મા 7.24 ગણા, જીલેટ ઇન્ડિયા 6.05 ગણા, એજીસ લોજીસ્ટીક 5.95 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નેટવેબ ટેકનો 27.36 ગણા, જયુબીલન્ટ ઇન્ગ્રેવા 17.17 ગણા, શોભા લિ. 10.57 ગણા, એજીસ લોજીસ્ટીક 10.08 ગણા, એસજેવીએન લિ. 6.1 ગણા કામકાજ નોંધાયા છે.

આજે લાર્જકેપ શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું, બીજી તરફ, બ્રોડર માર્કેટમાં વેચવાલી રહી હતી, પણ નજીવો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.05 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.07 ટકા સુધારો જોવાયો હતો. બીજી તરફ, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 1607 શેરો વધ્યા હતા, જ્યારે 2568 શેરો ઘટ્યા હતા, જ્યારે 222 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.43 ટકા ઘટ્યો હતો. જે છેલ્લા બે ટ્રેડિંગ સેશનમાં 1.15 ટકા વધ્યો હતો. જેમાં વિપ્રો, એચસીએલ ટેકનો, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, ઓરેકલ ફાઇ. સર્વસીસ સોફ્ટવેર, કોફોર્જ અને એમફાસીસ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે વેનેઝુએલાના નેતા નકિલોસ માદૂરોને યુએસની આગેવાની હેઠળના ઉથલાવી દેવા પર વૈશ્વિક બજારોએ પ્રતિક્રિયા આપી હોવાથી યુરોપિયન બજારોમાં સુધારો જોવાયો હતો. યુએસએ વેનેઝુએલા પર હુમલો કર્યો છે. દુરોને પકડ્યો છે, તે પછી એશિયન બજારોએ 2026ના પ્રથમ ટ્રેડિંગ સપ્તાહની શરૂઆત કરી હતી, જે ભૌગોલિક રજાકીય તણાવની સંભવિત અસરથી ક્રુડ ઓઇલના ભાવ ઘટ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.08 ટકા, કેક 0.02 ટકા અને ડેક્સ 0.86 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 3.22 ટકા, સ્ટ્રેઇટ્સ 0.52 ટકા, હેંગસેંગ સપાટ, તાઇવાન 2.51 ટકા, કોસ્પી 3.32 ટકા, જકાર્તા 1.25 ટકા અને શાંઘાઇ 1.36 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં નરમાઇ આગળ વધી

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો નરમ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 8 પૈસા ઘટીને 90.28ના સ્તરે બંધ રહ્યા હતા. આમ, ડોલરની મજબુતાઇ આગળ વધી હતી. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.20ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 104.97, પાઉન્ડ 122.00, કેનેડિયન ડોલર 65.42, ઓસ્ટ્રેલિયન ડોલર 60.48, જાપાનીઝ યેન 0.5763, સીંગાપોર ડોલર 69.98ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.28 રૂ.
યુરો	104.97 રૂ.
પાઉન્ડ	122.00 રૂ.
યેન	0.5763 રૂ.

સેન્સેક્સ	-322.39	85439.62
નિફ્ટી	-78.25	26259.30
બેન્ક નિફ્ટી	-106.75	60044.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
નેસલે ઇન્ડિયા	2.73	1314.60
બીઇએલ	2.64	413.80
આઇશર મોટર	2.02	7482.50
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.58	12087.00
ટાટા સ્ટીલ	1.55	185.72

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચડીએફસી બેન્ક	2.41	977.50
વિપ્રો	2.12	263.30
ઇન્ફોસીસ	2.07	1606.40
એચસીએલ ટેકનો	1.99	1607.60
ઓએનજીસી	1.40	238.09

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બીઇએલ	2.65	413.80
એચયુએલ	1.62	2385.95
ટાટા સ્ટીલ	1.56	185.70
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.53	12077.35
એકસીસ બેન્ક	1.45	1285.85

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચડીએફસી બેન્ક	2.35	977.70
ઇન્ફોસીસ	2.09	1606.40
એચસીએલ ટેકનો	2.00	1607.10
બજાજ ફાઇનાન્સ	1.21	978.65
ટીસીએસ	1.09	3214.70

2025ના પડકારો બાદ 2026માં 'ગુલાબી' તેજીની આશા

ટેક્સ મુક્તિ અને GST દરમાં ઘટાડાથી વપરાશ વધશે; US ટ્રેડ ડીલ પર બજારની નજર

મુંબઇ, તા. 5: વર્ષ 2025માં શેરબજારના રોકાણકારો માટે સારૂં ન હતું. નિફ્ટીનું રિટર્ન ડબલ ડિજીટમાં હોવા છતાં મોટાભાગના રોકાણકારોને નુકસાન થયું હતું. ફોરેન ફંડ્સનું વેચાણ, અમેરિકા સાથેના ટ્રેડ ડીલમાં વિલંબ અને ડોલર સામે રૂપિયામાં થયેલા ઘટાડાની અસર બજારના સેન્ટિમેન્ટ પર પડી હતી.

2025માં ભારતીય બજારોનું પ્રદર્શન અન્ય બજારોની તુલનામાં નબળું હતું. ગયા વર્ષે ડોલર સામે રૂપિયાનું મૂલ્ય લગભગ 5 ટકા ઘટ્યું હતું. જોકે, વર્ષના અંત સુધીમાં નિફ્ટીમાં સારી રિકવરી જોવા મળી હતી. જોકે, મોટાભાગના શેરોએ નબળો દેખાવ કર્યો હતો. આનાથી રોકાણકારોને તેમના પોર્ટફોલિયો પર વળતર મળ્યું નથી. 2025માં વિદેશી ભંડોળમાં રેકોર્ડ વેચાણ નોંધાયું હતું. જોકે, ડોમેસ્ટિક ફંડ્સે ખરીદીને બજારને ઘટાડો થવા દીધો ન હતો.

અમેરિકાએ ભારત પર સૌથી વધુ ટેરિફ લગાવ્યો હતો. તેણે પહેલા 25 ટકા ટેરિફ લાદ્યો હતો. બાદમાં રશિયા પાસેથી તેલ ખરીદવા પર 25 ટકાનો દંડ ફટકારવામાં આવ્યો હતો, જે 27 ઓગસ્ટથી અમલમાં આવ્યો હતો. આનાથી ભારત પરનો કુલ ટેરિફ વધીને 50 ટકા થઇ ગયો છે. તેની અસર ભારતીય શેરબજારો પર પણ પડી હતી. એઆઈ સાથે સંકળાયેલી કંપનીઓના શેરમાં વિદેશી રોકાણકારોની રુચિ વધી હતી. એઆઇ સાથે સંબંધિત કંપનીઓની ગેરહાજરીને કારણે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં રોકાણ કર્યું નથી.

2026માં ભારતની તસવીર ગુલાબી દેખાઇ રહી છે. નાણાકીય વર્ષ 26ના પ્રથમ છ મહિનામાં સરેરાશ વૃદ્ધિ 8 ટકા રહી છે. મોટાભાગના વિશ્લેષકોનું માનવું છે કે આ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૭ ટકાથી વધુ રહેશે. રિટેલ ફુગાવો રેકોર્ડ નીચા સ્તરની નજીક છે.

2025માં આરબીઆઇએ ગ્રોથની ગતિ વધારવા માટે રેપો રેટમાં 1.25 ટકાનો ઘટાડો કર્યો છે. આની અર્થવ્યવસ્થા અને બજારના સેન્ટિમેન્ટ પર સકારાત્મક અસર પડી છે.

સરકારે વૃદ્ધિને વેગ આપવા માટે મૂડી ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સિવાય સરકારે વપરાશ વધારવા માટે અનેક પગલાં પણ લીધાં છે. ગયા વર્ષના કેન્દ્રીય બજેટમાં સરકારે વાર્ષિક 12 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત કરી હતી. જીએસટી કાઉન્સિલે જીએસટીના દરમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. જેના કારણે 300થી વધુ વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં વપરાશ વધી રહ્યો છે. વ્યાજ દરમાં ઘટાડાથી શહેરી વિસ્તારોમાં વપરાશ વધવાના સંકેતો પણ જોવા મળી રહ્યા છે.

નાણાકીય વર્ષ 2026-27માં કંપનીઓ બે વર્ષ પછી કમાણીમાં સારી વૃદ્ધિ જોઇ શકે છે. મોટા ભાગના લાર્જકેપ શેરો વધુ સારૂં પ્રદર્શન કરી શકે છે. નિફ્ટીમાં સામેલ લગભગ 70 ટકા કંપનીઓ શેરનું પોઝિટિવ રિટર્ન મેળવી શકે છે. આઇટી ક્ષેત્ર માટેનો દૃષ્ટિકોણ પણ સુધરી રહ્યો છે.

પરંતુ, 2026માં શેરોનું પ્રદર્શન યુએસના વેપાર સોદા પર સૌથી વધુ નિર્ભર રહેશે. રશિયાથી ભારતની તેલની આયાત ઘટ્યા બાદ અમેરિકા સાથે ટ્રેડ ડીલની આશા વધી ગઇ છે. જો કંપનીઓની કમાણી વૃદ્ધિ સારી હોય અને અમેરિકા સાથે ટ્રેડ ડીલ થાય તો વિદેશી ફંડ્સ ભારતીય બજારોમાં પરત ફરી શકે છે.

HDFC બેંકના શેરમાં ૨%નો કડાકો

ડિસેમ્બર ક્વાર્ટરના અપડેટની નકારાત્મક અસર

બીજી તરફ યુનિયન બેંકમાં ઉછાળો, શેર 52 સપ્તાહની નવી ઊંચી સપાટીએ

મુંબઇ, તા. 5: એચડીએફસી બેંકના શેરમાં 5જાન્યુઆરીએ 2 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. બેંકે ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો વિશે અપડેટ આપ્યું છે. તેની ખરાબ અસર તેના શેર પર જોવા મળી હતી. બીજી તરફ યુનિયન બેન્ક સહિત કેટલીક બેંકોના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો છે. બપોરે 2 વાગ્યે એચડીએફસી બેન્કનો શેર 2.27 ટકા ઘટીને રૂ. 078 પર બંધ રહ્યો હતો. આને કારણે તે 5 જાન્યુઆરીએ નિફ્ટી અને સેન્સેક્સનો સૌથી મોટો ઘટતો શેર બન્યો હતો.

યુનિયન બેંકના શેરમાં સારોઉછાળો જોવા મળ્યો હતો. એક તબક્કે તે 4 ટકાથી વધુ વધીને 162.99 રૂપિયા પર પહોંચી ગયો હતો. આ તેની નવી 52 સપ્તાહની ઊંચી સપાટી છે. જોકે, ત્યારબાદ શેરે ઘણી ગતિ ગુમાવી દીધી હતી. બપોરે 2 વાગ્યે શેરની કિંમત 1.91 ટકા વધીને 159.69 રૂપિયા પર હતી.

એચડીએફસી બેંકે આજરોજ જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના ડિસેમ્બર ક્વાર્ટરમાં તેની સરેરાશ એડવાન્સીસ વાર્ષિક ધોરણે 9 ટકા વધીને 28.64 લાખ કરોડ રૂપિયા થઇ છે. પાછલા નાણાકીય વર્ષના ડિસેમ્બર ક્વાર્ટરમાં તે 26.28 લાખ કરોડ રૂપિયા હતો. જો કે, નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં એચડીએફસી બેંકની એડવાન્સ અંડર મેનેજમેન્ટ વાર્ષિક ધોરણે 9.8 ટકા વધીને 29.46 લાખ કરોડ રૂપિયા થઈ છે. ગ્રોસ એડવાન્સ વાર્ષિક ધોરણે 11.9 ટકા વધીને 25.43 લાખ કરોડ રૂપિયા થયું છે.

એચડીએફસી બેંકની એવરેજ ડિપોઝિટ 12.2 ટકા વધીને 27.52 લાખ કરોડ રૂપિયા થઈ છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં કાસા ડિપોઝિટ વાર્ષિક ધોરણે 9.9 ટકા વધીને 8.18 લાખ કરોડ રૂપિયા થઈ હતી. ઉલ્લેખનીય છે કે બેંકે હમણાં જ ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામોનું અપડેટ જારી કર્યું છે. બેંક ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો પછીથી જાહેર કરશે.

વારીએનર્જીઝનાશેરમાંકડાકો

23 ડિસેમ્બરથી સતત ઘટી રહ્યો છે અને અત્યાર સુધીમાં 12.3 ટકા ઘટ્યો

નવી દિલ્હી, તા. 5: સોલર પીવી મોડ્યુલ્સ બનાવતીવારી એનર્જીઝલિમિટેડના શેરમાં 5.6 ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઇ પર આ શેર 2705 રૂપિયાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બાદમાં આ શેર 2714.40 રૂપિયા પર સ્થિર થયો હતો. આ શેરને 31મી ડિસેમ્બર 2025ના રોજ એફ એન્ડ ઓ સેગમેન્ટમાં શામેલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદથી વેચાણનું દબાણ વધ્યું છે. જોકે, આ શેર 23 ડિસેમ્બરથી સતત ઘટી રહ્યો છે અને અત્યાર સુધીમાં 12.3 ટકા ઘટ્યો છે.

વારી એનર્જીઝ ઓક્ટોબર 2024માં સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ હતી. તેનો 4321.44 કરોડ રૂપિયાનો આઇપીઓ 79.44 વખત સબ્સ્ક્રાઇબ થયો હતો. સપ્ટેમ્બર 2025ના અંત સુધીમાં પ્રમોટરો પાસે કંપનીમાં 64.22 ટકા હિસ્સો હતો. ૩ મહિનામાં આ શેરમાં 21 ટકાનો ઘટાડો થયો છે.

બ્રોકરેજ ફર્મ બર્નસ્ટેઇને વારી એનર્જીઝનાશેર માટે અંડરપર્ફોર્મ રેટિંગ જાળવી રાખ્યું છે. લક્ષ્યાંક કિંમત શેર દીઠ 2109 રૂપિયા નક્કી કરવામાં આવી છે. બર્નસ્ટેઇન માને છે કે સારી કંપની હોવા છતાં, જ્યાં સપ્લાયની મોટી લહેર 12-18 મહિના દૂર છે તે બજારમાં ટોચના માર્જિન પર વારી એનર્જીઝને વધુ ગુણાકાર આપી શકાતી નથી. બ્રોકરેજ અપેક્ષા રાખે છે કે સોલર ઇન્સ્ટોલેશનની ગતિ ધીમી પડશે અને યુટિલિટી સ્કેલ પ્લેયર્સ, એટલે કે મોટા પાયે કંપનીઓ તરફથી સ્થાનિક સોલર સેલની માંગ નાણાકીય વર્ષ 2028-2029 થી આવશે.

ટ્રાઈએ ટેલિકોમ ઓપરેટર્સ પર 150 કરોડનો દંડ લાદ્યો

સ્પામ કોલ્સને નાથવામાં નિષ્ફળ જવા બદલ આ દંડ ફટકારવામાં આવ્યો

ટ્રાઇ મુજબ આ કંપનીઓ સ્પામર્સના ટેલિકોમ સંસાધનો પર યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગઈ હતી

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈએ સ્પામ કોલ્સ અને મેસેજને રોકવામાં નિષ્ફળ રહેવા બદલ ટેલિકોમ ઓપરેટરો પર 150 કરોડ રૂપિયાનો દંડ લાદ્યો છે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. 2020થી શરૂ થતા ત્રણ વર્ષ માટે લાદવામાં આવેલા 150 કરોડ રૂપિયાના દંડને ટેલિકોમ ઓપરેટરો દ્વારા પડકારવામાં આવ્યો છે. ગ્રાહકની ફરિયાદોના ખોટા નિકાલ અને નિયમો અનુસાર સ્પામર્સના ટેલિકોમ કનેક્શન પર કાર્યવાહી ન કરવા બદલ ટેલિકોમ સેવા પ્રદાતાઓ પર 150 કરોડ રૂપિયાથી વધુનો નાણાકીય દંડ લાદવામાં આવ્યો છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) એવા ટેલિકોમ ઓપરેટરો પર દંડ લાદે છે જેઓ નાણાકીય દંડ લાદતા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે. નિયમો ટેલિકોમ ઓપરેટર માટે લાયસન્સ ધરાવતા સર્વિસ એરિયા દીઠ દર મહિને 50 લાખ રૂપિયા સુધીના નાણાકીય દંડની જોગવાઈ કરે છે.

માદુરોની ધરપકડ બાદ તેલના ભાવ ઘટ્યા, સોનું-ચાંદી 'તેજી'માં

યુએસ બેન્ચમાર્ક ક્રૂડ ઓઇલ 36 સેન્ટ ઘટીને 56.96 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થયું

સોના અને ચાંદીમાં વધારો જોવા મળ્યો

બેંગકોક, તા. 5 (એપી): સપ્તાહના અંતે પાડવામાં આવેલા દરોડામાં અમેરિકા દ્વારા વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ પર બજારોએ શાંત પ્રતિક્રિયા આપી હતી જ્યારે સોમવારે તેલના ભાવમાં ઘટાડો થયો હતો જ્યારે કિંમતી ધાતુઓના ભાવમાં ઉછાળો આવ્યો હતો.

શુક્રવારે વોલ સ્ટ્રીટ પર સામાન્ય વધારા પછી ટેક-સંબંધિત સ્ટોક્સની ભારે ખરીદીને કારણે એશિયન શેરબજારમાં તેજી જોવા મળી હતી. એસ એન્ડ પી 500 ફ્યુચર 0.2 ટકા વધ્યો હતો જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ લગભગ યથાવત રહ્યો હતો.સોમવારે ટ્રેડિંગ શરૂ થયાના થોડા સમય પછી, યુએસ બેન્ચમાર્ક ક્રૂડ ઓઈલમાં થોડો વધારો થયો હતો. પરંતુ પાછળથી તે 36 સેન્ટ ઘટીને 56.96 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થયો હતો. આંતરરાષ્ટ્રીય માનક બ્રેન્ટ ક્રૂડ 34 સેન્ટ ઘટીને 60.41 ડોલર પ્રતિ બેરલ થયું હતું. વર્ષોની અવગણના અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો પછી, વેનેઝુએલાનો તેલ ઉદ્યોગ ખરાબ હાલતમાં છે.

મોટા રોકાણો કરવામાં આવે ત્યારબાદ લાંબા સમય બાદ ઉત્પાદનમાં નાટકીય રીતે વધારો થઈ શકે છે. પરંતુ કેટલાક વિશ્લેષકો અપેક્ષા રાખે છે કે તેનું હાલનું ઉત્પાદન જે દરરોજ લગભગ 1.1 મિલિયન બેરલ છે તે ખૂબ જ ઝડપથી બમણું કે ત્રણ ગણું થઈ શકે છે. તેલના સ્તરો પહેલેથી જ વિપુલ હોવાથી, ક્રૂડ પહેલેથી જ લગભગ છ મહિનામાં તેના સૌથી નીચા સ્તરની નજીક ટ્રેડ થઈ રહ્યું હતું.

અમેરિકાના આ પગલાની અસર નાણાકીય બજારોમાં જોવા મળી હતી કારણ કે વેપારીઓએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અસામાન્ય લશ્કરી ઓપરેશન અને માદુરોને સત્તા પરથી હટાવ્યા પછી અમેરિકા વેનેઝુએલા ચલાવશે તેવા તેમના આગ્રહ દ્વારા આવેલી અનિશ્ચિતતાને ધ્યાનમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. સોનાના ભાવમાં 2.7 ટકાનો વધારો થયો અને ચાંદીમાં 6.6 ટકાનો ઉછાળો આવ્યો. ભૌગોલિક રાજકીય અશાંતિના સમયમાં આવી અસ્કયામતો ઘણીવાર સુરક્ષિત આશ્રયસ્થાનો માનવામાં આવે છે.

વેનેઝુએલામાં સત્તા પલટો: ONGCને 4,500 કરોડનું ફસાયેલું ડિવિડન્ડ મળવાની આશા

નવી દિલ્હી, તા. 5: વેનેઝુએલામાં શાસન પરિવર્તનના સંકેતો વચ્ચે ભારતની સરકારી ઓઇલ કંપની ઓએનજીસી મોટી નાણાકીય વૃદ્ધિ કરે તેવી અપેક્ષા છે. બ્રોકરેજ રિપોર્ટ અનુસાર, વેનેઝુએલામાં અટવાયેલા ઓએનજીસીને લગભગ 500 મિલિયન ડોલરનું બાકી ડિવિડન્ડ મળવાની સંભાવના છે.

ગ્લોબલ બ્રોકરેજ ફર્મ જેફરીઝે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે અમેરિકાની કાર્યવાહી બાદ વેનેઝુએલામાં બદલાતી રાજકીય અને આર્થિક સ્થિતિને કારણે વેનેઝુએલાના ઓઇલ પ્રોજેક્ટમાં અટવાયેલા ઓએનજીસીનું આ બાકી ડિવિડન્ડ બહાર પાડવામાં આવી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો વેનેઝુએલાના તેલ ઉદ્યોગ પર યુએસનો પ્રભાવ વધે છે અને ક્રૂડ ઓઇલની નિકાસ પરના પ્રતિબંધો હળવા કરવામાં આવે છે.

પંજાબ નેશનલ બેંક punjab national bank ...the name you can BANK upon! ...भरोसे का प्रतीक !

પરવત પાટીયા શાખા : દુકાન નં. ૫-૭, દર્શન રેસીડન્સી, કેનલ રોડ, પુણા ગામ ચાર રસ્તા, પરવત પાટીયા, સુરત-૩૯૫૦૧૦ ફો નં.:૯૦૯૬૪૦૯૧૧૬ email: bo222410@pnb.bank.in

પરિશિષ્ટ -૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૬.૧૦.૨૦૨૫ દેવાદાર/ગીરવેદાર શ્રી અખાડે વિશરામભાઈ, અને સહદેવાદાર શ્રીમતી અખાડે માયાબેન** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૭૪,૮૯૨.૨૬ (અંકે રૂા. આઠ લાખ ચુમ્મોત્તેર હજાર આઠસો બાણું અને છવ્વીસ પૈસા પુરા) તા.૨૭.૦૯.૨૦૨૫** ના રોજના (**તા. ૨૭.૦૯.૨૦૨૫** સુધી ના વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ અને ખર્ચાઓ આ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર/ સહદેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર /ગીરવેદાર/સહદેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **૦૫મી જાન્યુઆરી સને ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર/ગીરવેદાર/સહદેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૮,૭૪,૮૯૨.૨૬ (અંકે રૂા. આઠ લાખ ચુમ્મોત્તેર હજાર આઠસો બાણું અને છવ્વીસ પૈસા પુરા) તા.૨૭.૦૯.૨૦૨૫** ના રોજના (**તા. ૨૭.૦૯.૨૦૨૫** સુધી ના વ્યાજ સહિત) ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવામું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે નીલકંઠ રેસીડન્સી, નો પ્લોટ નં.૩૬, માપ ૪૦.૧૮ ચો.મીટર જમીન રેવન્યુ સર્વે નં. ૪૮, બ્લોક નં. ૫૩, ગામ. ટ્રુંવી, તા.પલસાણા, જી.સુરત ખાતે શ્રી અખાડે વિશરામભાઈ ના નામે આવેલ છે. જેની ચતુંદિશા : **પુર્વ તરફ :** સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં. ૪૫+૪૬, **ઉત્તર તરફ :** પ્લોટ નં.૩૭, **દક્ષિણ તરફ :** પ્લોટ નં.૩૫.

તારીખ : ૦૫.૦૧.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/કેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૧૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦